# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**પ્રથમ અઢી વર્ષના કાર્યકાળના મેયર માટે સામાન્ય મહિલા અનામત હોવાથી રાજકીય ખેંચતાણ**

# કરમસદ-આણંદ મહાનગરપાલિકાના પ્રથમ મેયરની આજે વરણી કરાશે

**છેલ્લા કેટલાક** સમયથી મહત્વના પદ માટે લોમ્બીંગ કરતા દાવેદારોની સ્થિતિ હજુ પણ અવઢવભરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

કરમસદ આણંદ મનપાના પ્રથમ મેયર, ડેપ્યુટી મેયરની ચૂંટણી ૨૮મી મેના ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે સરદાર પટેલ સભાગૃહમાં કમિશ્નર આર.એન. ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે. બન્ને પદ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની પણ વરણી કરવામાં આવશે.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના શાસન માટે છેલ્લા એક માસ કરતાં વધુ સમયથી મહત્વના પદ માટે અનેક નામોની ચર્ચાઓએ મહાનગરનુ રાજકારણ ગરમાવ્યુ છે. મેયર માટે સામાન્ય મહિલા અનામત પ્રથમ અઢી વર્ષના કાર્યકાળ માટે રોસ્ટર જાહેર કરાયુ હોય પાટીદાર સમાજની મહિલા કોર્પોરેટર પૈકી એકની પસંદગી કરવામાં આવનાર છે. હાલમાં મેયર પદ માટે અંતિમ ઘડીએ લાંભવેલના દિપીકાબેન પટેલ અને મયુરીબેન પટેલના નામો ચર્ચામાં રહ્યા છે. જોકે કોઈ નવોદિત ચહેરા પર




પસંદગીનો કળશ ઢોળશે તેવી ચર્ચાઓ પણ થતાં રાજકીય માહોલ ગરમાયો છે.

જ્યારે ડેપ્યુટી મેયરપદ માટે ઓબીસી કે સામાન્ય જાતિના પુરુષ કોર્પોરેટરની પસંદગી થવાની શક્યતા વર્તાઇ રહી છે. સૌથી પાવરફુલ ગણાતી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન માટે ગજગ્રાહની સ્થિતિ સર્જાવાની શક્યતા પગલે ભાજપનું મોવડી મંડળ દ્વારા ગુપચુપ રીતે જ નામ જાહેર કરી તેવી શક્યતા પણ સેવાઈ રહી છે.

કરમસદ - આણંદ મનપાના નવયુક્ત ચૂંટાયેલા કોર્પોરેટરોની ૨૮મીએ પ્રથમ સામાન્યસભા કમિશ્નરના અધ્યક્ષપદે મળશે. જેમાં ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ -૧૯ (૧એએ) અન્વયે બન્ને પદ માટે ની ચૂટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને કમિટીના સભ્યોની પણ આગામી અઢી વર્ષના કાર્યકાળ માટે નિમવાની પ્રક્રિયા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યુ છે. જેથી છેલ્લા કેટલાક સમયથી મહત્વના પદ માટે લોમ્બીંગ કરતા દાવેદારોની કસોટી પૂર્ણ થશે અને મહાનગરને ૨૮મીએ પ્રથમ મેયર મળશે.

# ખંભાત પાસે દરિયા કાંઠે ડોલ્ફિન દેખાતાં પર્યાવરણ પ્રેમીમાં આનંદ

**ખંભાતના અખાત** વિસ્તારમાં દરિયાઇ જીવો ભાગ્યે જ જોવા મળે

પ્રતિનિધિ ખંભાત તા ૨૭

આણંદ જિલ્લાના ખંભાતના વિશાળ દરિયામાં બુધવારે બપોરના સમયે ડોલ્ફિન માછલીઓ જોવા મળી હતી. દરીયાઇ મોજાંઓ વચ્ચે ડોલ્ફિન માછલીઓની ઉછળ કૂદના દ્રશ્યો જોઈને સ્થાનિકો અને પ્રવાસીઓમાં કુતૂહલ સર્જાયું હતું. સામાન્ય રીતે ઊંડા અને સ્વચ્છ પાણીમાં જોવા મળતી ડોલ્ફિન ખંભાતના કિનારા નજીકના પાણીમાં તરતી કેમેરામાં કેદ થઈ હતી.



એકથી વધુ ડોલ્ફિન માછલીઓ ખંભાતના શાંત દરિયાઈ પાણીમાં ડૂબકીઓ લગાવતી જોવા મળી હતી. તેઓ પાણીની સપાટી પર થોડી ક્ષણો માટે પોતાની પાંખ અને શરીર બતાવીને ફરીથી પાણીમાં ગરકાવ થઈ જતી હતી. હાજર લોકોએ આ દ્રશ્યોને પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા.

ખંભાતનો અખાત તેની ભરતી-ઓટ અને ઐતિહાસિક બંદર માટે જાણીતો છે. અહીં આવા દરિયાઈ જીવો ભાગ્યે જ જોવા મળે છે. આ ડોલ્ફિનનું ઝૂંડ કિનારા તરફ આવવું એક અસામાન્ય ઘટના માનવામાં આવે છે.

અગાઉ ગુજરાતના જામનગર, દ્વારકા અને દીવના દરિયા કિનારે પણ ડોલ્ફિન જોવા મળી હતી. વન વિભાગ અને દરિયાઈ જીવોના નિષ્ણાતોના મતે, ખોરાકની શોધમાં અથવા દરિયાઈ પ્રવાહના કારણે આ માછલીઓ કિનારા તરફ આવી હોઈ શકે છે.

# આણંદ: મુસાફરના સ્વાગમાં દાગીના સેરવતા 2 પકડાયાં

**મહેમદાવાદના બે રીઢા** ગુનેગારો પાસેથી રિક્ષા - કટર કબજે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે સામરખા ચોકડી પાસેથી રિક્ષામાં પેસેન્જર બેસાડી, નજર ચૂકવી કટરથી સોનાના દાગીના ચોરતી ગેંગના બે રીઢા આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી રાજકોટ, ભાવનગર અને વડોદરાના અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

આણંદ પોલીસ અધિક્ષકની સૂચનાથી મિલકત વિરુદ્ધના ગુનાઓ અટકાવવા માટે લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. ચૌધરીની ટીમે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલા મહેમદાવાદના બે શખ્સો રિક્ષા લઈને આણંદની સામરખા ચોકડી પાસે આવી રહ્યા છે. આથી, પોલીસે એકતા હોટલ પાસે વોચ ગોઠવી સરજુભાઈ ઉર્ફે બવ્વો ચુડાસમા અને રાજેશભાઈ ઉર્ફે ટણી પરમાર (બંને રહે. મહેમદાવાદ) ને કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા.

આ શખસોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ મોટા શહેરોમાં રિક્ષા લઈને ફરતા અને રસ્તામાં કોઈ વૃદ્ધ કે અશક્ત મહિલા પેસેન્જર મળે તો તેમને બેસાડી નજર ચૂકવી પોતાની પાસે રહેલા નાના કટરથી સોનાના દાગીના કાપી લેવાની ટેવ ધરાવે છે. આ શખસોની અંગઝડતી લેતા તેમની પાસેથી દાગીના કાપવા માટેનું નાનું કટર અને મોબાઈલ મળી આવ્યા હતા. આથી, પોલીસે રિક્ષા સહિત કુલ ૨.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ઐતિહાસિક ઓપરેશન | 770 કરોડનું ઇન્ટરનેશનલ સાયબર ફ્રોડ રેકેટ પકડાયું**

# સાયબર ફ્રોડના તાર પાકિસ્તાન અને યુગાન્ડા સુધી લંબાયેલા હોવાનું ખુલ્યું

**સાયબર ગઠિયાઓએ** ક્રિપ્ટોકરન્સી ‘બાયનાન્સ’ દ્વારા કરોડો રૂપિયા સરહદ પાર મોકલાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને દેશભરમાં છેતરપિંડી આચરતી એક સંગઠિત ગેંગના વધુ એક સાગરીતને ઝડપી પાડીને રૂ. ૭૭૦ કરોડથી વધુના આંતરરાષ્ટ્રીય નાણાકીય કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ ભારતભરના નિર્દોષ નાગરિકોને નિશાન બનાવી, તેમના નાણાં હવાલા અને ક્રિપ્ટોકરન્સી મારફતે પાકિસ્તાન, યુગાન્ડા અને યુ.એ.ઈ. જેવા દેશોમાં મોકલી રહી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આણંદ પોલીસ અધિક્ષક જી.જી. જસાણીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. અગાઉ દક્ષેશ પટેલ, શિવાની ડબગર અને ધ્રુવ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગેંગના અન્ય એક મહત્વના સાગરીત પ્રેમકુમાર પરેશભાઈ પટેલ (રહે. ખંભાત) ને પોલીસે ઝડપી પાડી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

આ કેસમાં હજુ પણ પ્રફુલ લાલજીભાઈ બટાણી (હાલ રહે. યુગાન્ડા), હેતલ દક્ષેશ પટેલ અને શિવમ રકેશભાઈ ડબગર પોલીસ પકડથી દૂર છે, જેમને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે. આ ઓપરેશનથી ગુજરાત પોલીસે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા સાયબર ક્રાઈમના નેટવર્કને મોટો ફટકો માર્યો છે. આ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### મોડસ ઓપરેન્ડી: કેવી રીતે આચરતા ફ્રોડ?

આ આંતરરાષ્ટ્રીય ગેંગ એક સંગઠિત ટુકડી તરીકે કામ કરતી હતી. તેઓ ભાડે રાખેલા અથવા બોગસ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને લોકો સાથે છેતરપિંડી કરતા અને તે નાણાં પોતાના મળતિયાઓના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા હતા. બાદ, આ નાણાંને બાયનાન્સ એપ્લીકેશન દ્વારા ક્રિપ્ટોકરન્સીમાં ફેરવી અથવા હવાલા નેટવર્કનો ઉપયોગ કરીને પાકિસ્તાન અને આફ્રિકન દેશોમાં મોકલી દેવામાં આવતા હતા.

### મુખ્ય સૂત્રધારનો ગુનાહિત ઇતિહાસ

આ કૌભાંડનો મુખ્ય આરોપી દક્ષેશભાઈ નથુભાઈ પટેલ રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ અમદાવાદ સાયબર ક્રાઇમ, આણંદ રૂરલ અને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતના અનેક ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે.

# ચરોતરમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી આસપાસ રહેશે

**ગરમ હવામાનને** ધ્યાને રાખી સાવચેત રહેવા તાકીદ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલી તાજી આગાહી મુજબ, આણંદ જિલ્લામાં આગામી ૨૭મી મે થી ૩૧મી મે દરમિયાન હવામાન મુખ્યત્વે ગરમ અને સૂકું રહેવાની સંભાવના છે. આ પાંચ દિવસો દરમિયાન આકાશ મુખ્યત્વે ચોખ્ખું અથવા અંશતઃ વાદળછાયું રહેશે.

આણંદ - ખેડા જિલ્લામાં તાપમાન અને પવનની સ્થિતિ આગામી દિવસોમાં જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ થી ૪૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતા છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૫ થી ૭૫ ટકાની વચ્ચે રહેશે, જ્યારે પવનની ગતિ ૮ થી ૧૮ કિમી/કલાક રહેવાની સંભાવના છે. પવનની દિશા મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે.

આ ઉપરાંત તીવ્ર ગરમીથી પશુઓને બચાવવા માટે તેમને દિવસમાં બે થી ત્રણ વખત નવડાવવા જોઈએ. પશુઓના રહેઠાણના છાપરા પર ઘાસનો થર કરવો અથવા તેને સફેદ રંગથી રંગવા જેથી ગરમી ઓછી લાગે. પશુઓને દિવસ દરમિયાન પૂરતો લીલો ચારો અને રાત્રિના સમયે સૂકો ચારો આપવો હિતાવહ છે.

આ ઉપરાંત પ્રવર્તમાન ગરમ હવામાનને ધ્યાને રાખીને ઉભા પાકોમાં જમીનમાં ભેજ જાળવી રાખવા માટે સવાર અથવા સાંજના ઠંડા સમયે હળવું પિયત આપવું જરૂરી છે.

**વૃદ્ધોને મદદ કરવાના બહાને પીન નંબર જાણી છેતરતો શખસ સુરતનો નીકળ્યો**

# કપડવંજમાં ATM કાર્ડ બદલી છેતરપિંડી કરતો શખસ ઝબ્બે

**મુંબઈ અને મધ્યપ્રદેશ** સહિતના અનેક ગુનાનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા. ૨૭

કપડવંજ ટાઉન પોલીસે એટીએમ મશીન પર છેતરપિંડી આચરતા એક રીઢા ગુનેગારને ઝડપી પાડી આંતરરાજ્ય સ્તરે ફેલાયેલા ગુનાખોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

કપડવંજના એક સીનીયર સીટીઝન મહિલા એટીએમમાંથી પૈસા ઉપાડવા ગયા હતા, ત્યારે ગઠિયાએ મદદ કરવાના બહાને તેમનું કાર્ડ બદલી લીધું હતું. બાદમાં મહિલાની જાણ બહાર તેમના ખાતામાંથી કુલ રૂ. 39,579/- ઉપાડી લઈ છેતરપિંડી આચરી હતી. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસ અધિક્ષક વિજય પટેલની સૂચના હેઠળ સર્વેલન્સ સ્કોડે ટેકનિકલ સર્વેલન્સ અને 25 જેટલા CCTV ફૂટેજ તપાસી આરોપીને ઝડપી પાડ્યો હતો.

કપડવંજ પોલીસે પકડેલા ધીરજકુમાર મોહનલાલ પંચાલ (રહે. સુરત, રાજકોટ, બનાસકાંઠા) એટીએમ પર પૈસા ઉપાડવાની સમજ ન ધરાવતા લોકો કે વૃદ્ધોને ટાર્ગેટ કરતો હતો. તે મદદ કરવાના બહાને સિફતપૂર્વક પીન નંબર જાણી લેતો અને કાર્ડ બદલી નાખતો હતો. પોલીસ તપાસમાં તેની પાસેથી વિવિધ બેંકોના કુલ 66 એટીએમ કાર્ડ, મોબાઈલ અને રોકડ રકમ મળી આવી છે. નોંધનીય છે કે ધીરજ વિરુદ્ધ અગાઉ રાજકોટ, સુરત, પાલનપુર અને અમદાવાદમાં 8 જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરીમાં કપડવંજ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર.આઈ. સોલંકી અને તેમની ટીમ દ્વારા સફળતા મેળવવામાં આવી છે.

### આંતરરાજ્ય ગુનાઓની કબૂલાત

પ્રાથમિક પૂછપરછ દરમિયાન ધીરજે કબૂલાત કરી છે કે તેણે માત્ર ગુજરાતમાં જ નહીં પણ મુંબઈ (અંધેરી), ઉજ્જૈન અને રતલામ (મધ્યપ્રદેશ) માં પણ એટીએમ કાર્ડ બદલીને હજારો રૂપિયાની છેતરપિંડી કરી છે. આ ઉપરાંત પેટલાદ, સોજિત્રા અને આણંદમાં કરેલા ગુનાઓની પણ તેણે કબૂલાત કરી છે.

# નડિયાદ પાસે ડમ્પર ફરી વળતા બે મહિલાના મોત

**આણંદથી નડિયાદ** આવી રહેલા એક્ટિવાને ડમ્પરે પાછળથી ઠોકર મારી

(પ્રતિનિધિ) નડિયાદ ૨૭

નડિયાદ પાસે નેશનલ હાઈવે નંબર 48 પર ભૂમેલ ઓવરબ્રિજ પાસે હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. આ રસ્તા પર અચાનક આવી ગયેલી ગાયને બચાવવા જતાં ધીમા પડેલા એક્ટિવાને પાછળથી આવતા એક પૂરપાટ ડમ્પરે અડફેટે લીધું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં એક્ટિવા પર સવાર બે મહિલાઓ પર ડમ્પરના તોતિંગ ટાયરો ફરી વળતા બંનેના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે.

મળતી વિગતો અનુસાર, આણંદના લોટીયા ભાગોળમાં રહેતો શંકર રાજુ રામી એક્ટિવા પર તેના મિત્રની પત્ની સીતા કલાસવા અને માસીની દીકરી ગંગા વહોલીયાને બેસાડીને આણંદથી નડિયાદ આવી રહ્યો હતો. સવારે 9 વાગ્યાના સુમારે ભૂમેલ ઓવરબ્રિજ પાસે મધુના છાપરા સામે અચાનક ગાય આડે આવતા શંકરે એક્ટિવા ધીમું પાડ્યું હતું. આ જ સમયે પાછળથી ગફલતભરી રીતે આવતા ડમ્પરે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા ત્રણેય રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં વિદ્યાનગરના ગંગા વહોલીયાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલી સીતા કલાસવાને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો. એક્ટિવા ચાલક શંકરનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો છે. આ અંગે વડતાલ પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**રૂ. 1.7 કરોડના ખર્ચે બનેલા ભવનમાં નબળા કામનો આક્ષેપ**

# કણજરી નગરપાલિકા ભવનમાં લોકાર્પણ પૂર્વે ગેરરીતિનો આક્ષેપ

**દિવાલોમાં તિરાડો** દેખાતા લોકાર્પણ રોકવા વિપક્ષની માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૨૭

કણજરી નગરપાલિકા દ્વારા રૂ. 1.7 કરોડના જંગી ખર્ચે તૈયાર કરવામાં આવેલું નવું પ્રશાસનિક ભવન તેના લોકાર્પણ પૂર્વે જ વિવાદોના ઘેરામાં આવી ગયું છે. આ ભવનના નિર્માણમાં વ્યાપક ગેરરીતિ અને નબળી ગુણવત્તાની કામગીરી થઈ હોવાના આક્ષેપો સાથે વિપક્ષે મોરચો માંડ્યો છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે.

આ અંગે વિપક્ષના કાઉન્સિલર સોહિલભાઈ વ્હોરાએ તંત્રની પોલ ખોલતા જણાવ્યું હતું કે, જનતાના પરસેવાના નાણાંમાંથી બનેલા આ ભવનમાં અત્યંત નીચી ગુણવત્તાનું ફર્નિચર વાપરવામાં આવ્યું છે. આ ઉપરાંત, નવા બનેલા બિલ્ડિંગની દિવાલોમાં અત્યારથી જ તિરાડો દેખાવા લાગી છે. વિપક્ષની ઉગ્ર રજૂઆતો બાદ ચીફ ઓફિસર રાજુભાઈ રબારી અને ઈજનેર અજયભાઈ બારીયાએ સ્થળ તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવાની ખાતરી આપી છે.

### સ્ટેજપ્રોટોકોલજાળવવાવિપક્ષનીઆકરીતાકીદ

લોકાર્પણના સત્તાવાર સરકારી કાર્યક્રમમાં માત્ર ચૂંટાયેલા પદાધિકારીઓને જ સ્ટેજ પર સ્થાન આપવા વિપક્ષે સ્પષ્ટ જણાવ્યું છે. કોઈપણ બિનસંબંધિત વ્યક્તિ કે સંગઠનના લોકોને બેસાડી રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ થશે તો ઉગ્ર વિરોધ કરવાની ચેતવણી આપવામાં આવી છે.

### ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

જો વહેલી તકે ભવનની કામગીરીમાં યોગ્ય સુધારા કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધીજીના અહિંસક માર્ગે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસશે તો તેની સંપૂર્ણ જવાબદારી પાલિકા તંત્રની રહેશે તેવું લેખિતમાં જણાવાયું છે.

# ગ્રીન કાર્બન બાયોચર અંતર્ગત ખેતીના કચરામાંથી ખાતર બનશે

**સ્થાનિક રહીશોને** રોજગારી અને જમીનની ફળદ્રુપતામાં વધારો થશે

(પ્રતિનિધિ) કપડવંજ તા. ૨૭

કપડવંજ તાલુકાના વિકાસમાં એક નવું સોપાન ઉમેરાયું છે. તાલુકાના સાવલી બંગલા, ડાકોર રોડ ઉપર ગ્રીન કાર્બન પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોના ખેતરમાં વધેલા પાકના અવશેષોને બાળી નાખવાને બદલે તેમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિથી ‘બાયોચર’ નામનું કિંમતી ખાતર બનાવવામાં આવશે, જે પર્યાવરણ અને ખેતી બંને માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

કપડવંજ ખાતે ખેડૂતોના હિતમાં ગ્રીન કાર્બન ઈન કોર્પોરેશન, ગ્રીન કાર્બન એક્સ કોર્પોરેશન તથા એક્સેલન્ટ એન-ફેબ કોર્પોરેશન દ્વારા આધુનિક પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તે ખેડૂતોને કપાસની વીણી કર્યા બાદ વધતા છોડવા (સાંઠીઓ) કે અન્ય




કચરો બાળવાને બદલે તેમાંથી આવક મેળવવાની તક આપશે. આ અવશેષોમાંથી બાયોચર બનાવવામાં આવશે, જે કાળા ચારકોલ જેવી સામગ્રી છે.

આ પ્રોજેક્ટમાં જાપાનીઝ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેમાં જાપાનીઝ કંપનીના અધિકારીઓ મી ટોકેટો, લી, સાતોશી, જૂનકો અને રાહુલ માર્ગદર્શન આપી રહ્યા છે. કપાસ, મકાઈની દાંડી અને ચોખાની ફોતરી જેવા અવશેષોને ઓછા ઓક્સિજનવાળા વાતાવરણમાં ગરમ કરીને આ ખાતર તૈયાર કરાય છે, જે પર્યાવરણની સમતુલા જાળવવામાં મદદ કરે છે. બાયોચર ખાતરના ઉપયોગથી જમીનની ગુણવત્તામાં સુધારો થાય છે અને લાંબા ગાળાની ફળદ્રુપતા પુનઃસ્થાપિત થાય છે. ખાસ કરીને સૂકા સમયગાળામાં જમીનની ભેજ સંગ્રહવાની ક્ષમતા વધે છે અને પોષક તત્વોના નુકસાનમાં ઘટાડો થવાથી ઉત્પાદકતા વધે છે.

આ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપતા સુબોધન, નિલેશભાઈ શેઠ, નિખિલભાઈ, વિક્રમસિંહ અને અરૂણભાઈ શર્માએ જણાવ્યું હતું કે, આ ફેક્ટરીથી સાવલી અને આસપાસના રહીશોને રોજગારીની નવી તકો મળશે. આ પ્રોજેક્ટથી કપડવંજ અને કઠલાલ વિસ્તારના ખેડૂતોને આર્થિક તેમજ સર્વાંગી ફાયદો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**